## ઔદ્યોગિક ન્યાયપંચ, કોર્ટ નં.૨ ના પ્રમુખ અધિકારી શ્રીમતી રઝીયા સલીમખાન પઠાણ, અમદાવાદ સમક્ષ.

**રેફરન્સ (આઈ.ટી.) નં.૨૨/૨૦૧૪**

**પ્રથમ પક્ષકાર : આર.એમ.પી. બેરીંગ્સ લીમીટેડ,**
**વિરૂધ્ધ,**
**બીજા પક્ષકાર : ગુજરાત મજદુર સભા.**

**<u>હાજર રહયા:–</u>**

પ્રથમ પક્ષકાર તરફે : વિ.વ.શ્રી એ.એસ.પરીખ.
બીજા પક્ષકાર તરફે : યુનિયન પ્રતિનિધિશ્રી એ.એન.પટેલ.

**–:: <u>બીજા પક્ષકાર યુનિયનની આંક–૧૯ ની અરજી હેઠળ હુકમ</u> ::–**

**૧.** આ કામના બીજા પક્ષકાર યુનિયનના પ્રતિનિધિશ્રીએ આંક–૧૯ ની અરજી આપી અરજીના પેરા–૧(એ) થી (જે) માં જણાવેલ દસ્તાવેજો કે જે પ્રથમ પક્ષકારના કબ્જામાં છે અને આ દસ્તાવેજો આ કામના ન્યાય નિર્ણયમાં ખૂબ જ જરૂરી અને મહત્વના હોઈ, પ્રથમ પક્ષકાર આ તમામ દસ્તાવેજો અને માહિતીઓ રજુ કરે તેવો હુકમ કરવાની દાદ માંગેલ છે.

બીજા પક્ષકાર યુનિયન પ્રતિનિધિશ્રીએ તેઓની અરજીમાં એવી રજુઆત કરેલ છે કે, પ્રથમ પક્ષકાર કંપનીમાં કામ કરતા મોટાભાગના કર્મચારીઓ તેમના યુનિયનના સભાસદો છે અને યુનિયને તા.૧૨–૨–૧૩ ના રોજ પત્રથી કંપનીને જાણકારી આપેલ અને વિવિધ મજુર કાયદાઓ હેઠળના લાભો જેવા કે લઘુતમ વેતનની ચુકવણી, ઓળખકાર્ડ, રજા કાર્ડ, હાજરીકાર્ડ તેમજ સંબંધીત કામદારો કંપનીના કાયમી કામદારો હોવા છતાં કામદારોના નામો કાચા રજીસ્ટરમાં કાયદેસરના લાભો આપવા ન પડે તેવા ઈરાદે રાખવા અને તેમાં ફેરબદલ કરવી કે કંપનીના સગા સંબંધીઓ તથા કંપનીમાં કામ કરતા સ્ટાફના સુપરવાઈઝર કક્ષાના વ્યકિતઓને ભૂતિયા કોન્ટ્રાકટર તરીકે કાગળ ઉપર ઉભા કરવા અને તેની આડ હેઠળ કાયદેસરના લાભો ન આપી શોષણ કરી, કાયમી કામદારો ગણી તમામ લાભો આપવા વિગેરે માંગણીઓ રજુ કરેલી. જે સંબંધે સમાધાન ન

થતાં સમાધાન અધિકારીશ્રીના તા.૬–૪–૧૩ ના પત્રથી દરમ્યાનગીરી કરવા વિનંતી કરેલ અને કંપની પક્ષે યુનિયનના માંગણીપત્રથી વ્યાજબીપણાના નિવેદન તથા કંપની સમક્ષ તા.૯–૩–૧૩ અને તા.૨૮–૩–૧૩ ના પત્રથી રજુઆત કરેલ જેનો કોઈ જવાબ આપેલ નહીં કે તેમાંની હકીકતોને નકારેલ નથી અને છેવટે સંબંધીત સરકાર ધ્વારા તા.૧૬–૧–૧૪ ના રેફરન્સ હુકમ હુકમથી માંગણીઓ કોર્ટ સમક્ષ ન્યાય નિર્ણય અર્થે રજુ કરેલ છે, જે સંબંધે તેઓએ કોર્ટ સમક્ષ માંગણાનું નિવેદન રજુ કરી જણાવેલ છે કે, રેફરન્સના સંબંધીત કામદારોની નિમણુંક સંસ્થા ધ્વારા કરેલ છે, કામદારો ધ્વારા કરવામાં આવતા પ્રોડકશનની નોંધ કંપનીના ચોપડે કંપનીના કામદાર તરીકે કંપનીના અધિકારીઓ જ કરે છે, કંપનીમાં અધિકારીઓના અંકુશ, માર્ગદર્શન અને સુચના મુજબ સંબંધીત કામદારો તેઓની ફરજો કંપનીની કાયમી પ્રકારની ઉત્પાદકીય પ્રક્રિયામાં કાયમી જરૂરીયાત માટે નિયમિત, સતત ચાલતી કાગમીરી માટે રોકવામાં આવેલ છે અને કામદારો તેઓની ફરજો બજાવી સંસ્થાના સીધા, નિયમિત છે અને કાયમી કામદારો છે વિગેરે રજુઆતો કરેલ છે, તે રજુઆતોને હાલની અરજીમાં પુનરાવર્તીત કરતા નથી. વધુમાં જણાવે છે કે, તે સંબંધે પ્રથમ પક્ષકાર ધ્વારા તેઓનો લેખીત જવાબ રજુ કરેલ છે અને તેમાં સંસ્થાના ૨૮૦ ઉપરાંત કાયમી કામદારો તેઓની ફરજો બજાવે છે અને વખતો વખત પગાર વધારો અને અન્ય સવલતો અંગે યુનિયન સાથે સમાધાન થયેલ છે તેમજ સંસ્થાના પેકીંગ, લોડીંગ, અનલોડીંગ, હાઉસકીપીંગ અને સ્વીપીંગ તથા પરચુરણ કામગીરી અંગે જુદા જુદા કોન્ટ્રાકટરોને સદર કામગીરી કરવા અંગે કોન્ટ્રાકટ આપવામાં આવેલ છે, તેમજ પ્રથમ પક્ષકાર સંસ્થાએ કોન્ટ્રાકટ લેબર એકટ હેઠળ રજીસ્ટ્રેશન કરાવેલ છે નહી, અને તે કાયદા હેઠળ લાયસન્સદાર કોન્ટ્રાકટરોને જે તે ઉપરોકત કામગીરીમાં કોન્ટ્રાકટ આપી તેમના ધ્વારા રોકવામાં આવેલ કામદારો ધ્વારા કામગીરી કરાવવામાં આવે છે તેમજ તમામ કોન્ટ્રાકટરો લાયસન્સદાર છે અને લાગુ પડતા મજુર કાયદાની જોગવાઈ મુજબ તેમના ધ્વારા રોકવામાં આવેલ કામદારોને પગાર તથા અન્ય તમામ લાભો નિયમિતપણે આપે છે તેમજ મોટાભાગના કોન્ટ્રાકટરોનો તેમનો

પોતાનો પ્રોવિ.ફંડ કોડ નંબર છે, જેમાં કામદારોનો પી.એફ. જે તે કોન્ટ્રાકટર ધ્વારા પી.એફ. ઓફીસમાં જમા કરાવવામાં આવે છે તેમજ કોન્ટ્રાકટરો તેમની અનુકુળતા મુજબ કામદારો લાવી કામની સોંપણી કરે છે તથા મજુર કાયદાઓ હેઠળ રાખવા પડતા તમામ રેકર્ડની જાળવણી જે તે કોન્ટ્રાકટરના સુપરવાઈઝર તેમજ કલાર્ક સંભાળે છે, તેમજ આવા કામદારો ઉપર સંસ્થાનો કોઈપણ જાતનો અંકુશ અને સંચાલન નથી અને આથી યુનિયનની માગણી સંસ્થા સામે કરવામાં આવેલ છે તે રદ થવાને પાત્ર છે વિગેરે તકરારો લેખીતમાં જવાબમાં ઉભી કરેલ છે. આમ મુખ્યત્વે સંસ્થા ધ્વારા રેફરન્સના સંબંધીત કામદારો કોન્ટ્રાકટરના કામદારો છે તેવી તકરાર ઉપસ્થિત કરેલ છે, તે સંબંધે જણાવેલ છે કે, સંબંધીત કામદારો તે સંસ્થાના સીધા અંકુશ, નિયંત્રણ હેઠળ અને સંસ્થાની કાયમી પ્રકારની ઉત્પાદકીય પ્રક્રિયામાં કાયમી જરૂરીયાત માટે નિયમિત, સતત ચાલતી કામગીરી માટે રોકવામાં આવેલ છે અને કામદારોએ તેઓની ફરજો બજાવેલ છે, સંસ્થા સંબંધીત કામદારો જે કાયમી ઉત્પાદકીય પ્રક્રિયામાં રોકાયેલ હતા તે સંબંધે સંસ્થા પાસે કોન્ટ્રાકટ લેબર એકટ હેઠળનું કાયદેસરનું કોઈ રજીસ્ટ્રેશન છે નહીં અને કહેવાતા કોન્ટ્રાકટરો પાસે પણ કોઈ લાયસન્સ કાયદેસરનું નહીં કે આવા કોઈ દસ્તાવેજો આજસુધી કંપનીએ રજુ કરેલ નથી અને સૌપ્રથમ વખત લેખીત જવાબમાં રજુઆત ઉભી કરેલ છે. આમ કંપનીની રજુઆત ખોટી, આધાર પુરાવા વિનાની હોઈ તેને તેઓ કબુલ મંજુર રાખતા નથી અને તેથી તે સંબંધેના તમામ દસ્તાવેજો સંસ્થાના કબજામાં છે, તે દસ્તાવેજો કે જે હાલના રેફરન્સના ન્યાય નિર્ણય અર્થે, જરૂરી, મહત્વના, સુસંગત અને સંબંધકર્તા છે અને તે દસ્તાવેજો રજુ થયેથી અસરકારક રીતે વિવાદનો ન્યાય નિર્ણય થઈ શકે તેમ છે અને સત્ય હકીકતો બહાર આવે તેમ હોઈ,

પેરા-(એ) થી રેફરન્સના સંબંધીત કામદારો જે કામગીરી કરે છે તે કામગીરી સંબંધે પ્રથમ પક્ષકારે કોન્ટ્રાકટ લેબર એકટ હેઠળ મેળવવામાં આવેલ રજીસ્ટ્રેશન અને કોન્ટ્રાકટરનું લાયસન્સ અને તે અંગેના તમામ અધિકૃત દસ્તાવેજો, (બી) સને ૨૦૦૭ થી ૨૦૧૪ સુધીમાં સંસ્થા અને તેના કહેવાતા કોન્ટ્રાકટરો વચ્ચે કરવામાં આવેલા તમામ કરારોની નકલ, (સી) થી પેરા-(જે) માં બીજા પક્ષકારે ૨૦૦૭ થી

૨૦૧૪ સુધીના મજુર કાયદાઓ નીચે નિભાવવામાં આવેલ હાજરીપત્રક, પગારપત્રક, બોનસ રજીસ્ટર, ઓવરટાઈમ રજીસ્ટાર, રજાઓનું રજીસ્ટર, ઓળખ રજીસ્ટરની નકલો, કોન્ટ્રાકટરે આપેલ બીલો તેમજ પ્રથમ પક્ષકાર સંસ્થા ઘ્વારા ચુકવણી કરવામાં આવેલ તો તે અંગેના અધિકૃત દસ્તાવેજો, પ્રોવિડન્ટ ફંડના ચલણો તથા દસ્તાવેજોની અધિકૃત નકલો, ઈન્કમટેક્ષ રીટર્ન, વાર્ષિક સરવૈયાઓની અધિકૃત નકલો, કોન્ટ્રાકટ લેબર એકટ નીચે કરાવેલ રજીસ્ટ્રેશન બાદ સુધારા–વધારા કરેલ અરજીઓ અને તે સંબંધે સુધારા કરેલ હોય તો તે અંગેના રજીસ્ટ્રેશનના દસ્તાવેજો તથા સંસ્થાના કોન્ટ્રાકટર ઘ્વારા લેમાં આવેલ લાયસન્સ અને તેને લંબાવવામાં ઓલ કે રીન્યુ કરેલ હોય તો તે અંગેના અધિકૃત દસ્તાવેજો, કોન્ટ્રાકટ આપવા અંગે આપવામાં આવેલ જાહેરાત, ટેન્ડરો અને તે અંગે લેવામાં આવેલ આખરી નિર્ણયોની અધિકૃત નકલો તથા કહેવાતા કોન્ટ્રાકટરોના અન્ય કઈ કઈ કંપનીમાં કોન્ટ્રાકટ ચાલે છે તેની માહીતી તથા તેના સમર્થનના દસ્તાવેજો, કોન્ટ્રાકટર ઘ્વારા કોન્ટ્રાકટ મેળવવા આપેલ અરજી અને તે ઉપર કરેલ નિર્ણયની અધિકૃત નકલ, ૨૦૦૭ થી ૨૦૧૫ માં પ્રત્યેક વર્ષે ફેકટરી એકટ હેઠળ રજુ કરવામાં એન્યુઅલ રીટર્નની અધિકૃત નકલ તથા વર્ષ ૨૦૦૭ થી ૨૦૨૧ ના ગાળામાં કંપનીમાં સીધા, કાચા રજીસ્ટર તથા કહેવતા કોન્ટ્રાકટ સીસ્ટમના ભાગરૂપ કામે રોકવામાં આવેલ કામદારોની યાદીની માંગણી કરેલ છે.

વધુમાં એવી રજુઆત કરેલ છેક, તે દસ્તાવેજો પ્રથમ પક્ષકાર નં.૧ ના કબજામાં છે અને આ દસ્તાવેજો આ કામના ન્યાય નિર્ણયમાં ખૂબ જ જરૂરી અને મહત્વના હોઈ, પ્રથમ પક્ષકાર નં.૧ આ તમામ દસ્તાવેજો અને માહિતીઓ રજુ કરી તેવો હુકમ કરવા અરજ કરેલ છે.

૨. પ્રથમ પક્ષકાર તરફે આંક–૨૧ થી જવાબ રજુ કરવામાં આવેલ છે, જેમાં એવી રજુઆત કરવામાં આવેલ છે કે, બીજા પક્ષકારને આ કે આવા પ્રકારની અરજી આપવાનો કાયદેસર કોઈ હકક કે અધિકાર ન હોઈ અરજી કાયદેસર રીતે ચાલી શકે તેમ ન હોઈ રદ થવાને પાત્ર છે. બીજા પક્ષકારની અરજીમાં કોઈ ચોકકસ અને વજુદવાળું કારણ દસ્તાવેજો રજુ કરાવવા અંગે તેમની અરજીમાં જણાવેલ ન

હોઈ, અરજી અધુરી તથા અચોકકસ હોઈ શરુઆતથી જ રદ થવાને પાત્ર છે.

વધુમાં પ્રાથમિક મુદૃામાં એવી રજુઆત કરેલ છે કે, બીજા પક્ષકાર યુનિયને આંક– થી જે દસ્તાવેજો રજુ કરાવવાની અરજી આપેલ છે, જે અરજી સંદર્ભે જરૂરી સોગંદનામું રજુ કરેલ ન હોઈ, અરજી અધુરી હોઈ તથા કાયદાની જોગવાઈઓ પૂર્ણ કરવામાં આવેલ ન હોઈ રદ થવાને પાત્ર છે.

વધુમાં એવી રજુઆત કરેલ છે કે, પ્રથમ પક્ષકાર કંપનીમાં કામ કરતા મોટાભાગના કર્મચારીઓ તેમના યુનિયનના સભાસદો હોવાનું કે યુનિયને તા.૧૨–૨–૧૩ ના રોજ પત્રથી કંપનીને જાણકારી આપેલ હોવાનું કે વિવિધ મજુર કાયદાઓ હેઠળના લાભો જેવા કે લઘુતમ વેતનની ચુકવણી, ઓળખકાર્ડ, રજા કાર્ડ, હાજરીકાર્ડ તેમજ સંબંધીત કામદારો કંપનીના કાયમી કામદારો હોવા છતાં કામદારોના નામો કાચા રજીસ્ટરમાં કાયદેસરના લાભો આપવા ન પડે તેવા ઈરાદે રાખવા અને તેમાં ફેરબદલ કરવી કે કંપનીના સગા સંબંધીઓ તથા કંપનીમાં કામ કરતા સ્ટાફ સુપરવાઈઝર કક્ષાના વ્યકિતઓને ભૂતિયા કોન્ટ્રાકટર તરીકે કાગળ ઉપર ઉભા કરવા કે તેની આડ હેઠળ કાયદેસરના લાભો ન આપી શોષણ કરવું કે કાયમી કામદારો ગણી તમામ લાભો આપવા વિગેરે માંગણીઓ રજુ કરેલી હોવાનું ખરું ન હોવાનું જણાવેલ છે. જે સંબંધે સમાધાન ન થતાં સમાધાન અધિકારીશ્રીના તા.૬–૪–૧૩ ના પત્રથી દરમ્યાનગીરી કરવા વિનંતી કરેલ હોવાનું કે કંપની પક્ષે યુનિયનના માંગણીપત્રથી વ્યાજબીપણાના નિવેદન તથા કંપની સમક્ષ તા.૯–૩–૧૩ અને તા.૨૮–૩–૧૩ ના પત્રથી રજુઆત કરેલ જેનો કોઈ જવાબ આપેલ નહીં હોવાનું કે તેમાંની હકીકતોને નકારેલ ન હોવાનું કે છેવટે સંબંધીત સરકાર ધ્વારા તા.૧૬–૧–૧૪ ના રેફરન્સ હુકમ હુકમથી માંગણીઓ કોર્ટ સમક્ષ ન્યાય નિર્ણય અર્થે રજુ કરેલ હોવાનું કે જે સંબંધે તેઓએ કોર્ટ સમક્ષ માંગણાનું નિવેદન રજુ કરી જણાવેલ છે કે, રેફરન્સના સંબંધીત કામદારોની નિમણુંક સંસ્થા ધ્વારા કરેલ હોવાનું કે કામદારો ધ્વારા કરવામાં આવતા પ્રોડકશનની નોંધ કંપનીના ચોપડે કંપનીના કામદાર તરીકે કંપનીના અધિકારીઓ જ કરતા હોવાનું કે કંપનીમાં અધિકારીઓના અંકુશ, માર્ગદર્શન અને સુચના

મુજબ સંબંધીત કામદારો તેઓની ફરજો કંપનીની કાયમી પ્રકારની ઉત્પાદકીય પ્રક્રિયામાં કાયમી જરૂરીયાત માટે નિયમિત, સતત ચાલતી કાગમીરી માટે રોકવામાં આવેલ હોવાનું કે કામદારો તેઓની ફરજો બજાવતા હોવાનું કે સંસ્થાના સીધા, નિયમિત હોવાનું કે કાયમી કામદારો છે વિગેરે રજુઆતો કરેલ હોવાનું કે તે રજુઆતોને હાલની અરજીમાં પુનરાવર્તીત કરતા ન હોવાનું ખરું ન હોવાનું જણાવેલ છે. વધુમાં તે સંબંધે પ્રથમ પક્ષકાર ધ્વારા તેઓનો લેખીત જવાબ રજુ કરેલ હોવા અંગે કોઈ તકરાર નથી અને તેમાં સંસ્થાના ૨૮૦ ઉપરાંત કાયમમી કામદારો તેઓની ફરજો બજાવતા હોવા બાબતે કે વખતો વખત પગાર વધારો અને અન્ય સવલતો અંગે યુનિયન સાથે સમાધાન થયેલ હોવાનું કે સંસ્થાના પેકીંગ, લોડીંગ, અનલોડીંગ, હાઉસકીપીંગ અને સ્વીપીંગ તથા પરચુરણ કામગીરી અંગે જુદા જુદા કોન્ટ્રાકટરોને સદર કામગીરી કરવા અંગે કોન્ટ્રાકટ આપવામાં આવેલ હોવાનું કે પ્રથમ પક્ષકાર સંસ્થાએ કોન્ટ્રાકટ લેબર એકટ હેઠળ રજીસ્ટ્રેશન કરાવેલ ન હોવાનું કે તે કાયદા હેઠળ લાયસન્સદાર કોન્ટ્રાકટરોને જે તે ઉપરોકત કામગીરીમાં કોન્ટ્રાકટ આપી તેમના ધ્વારા રોકવામાં આવેલ કામદારો ધ્વારા કામગીરી કરાવવામાં આવતી હોવાનું તેમજ તમામ કોન્ટ્રાકટરો લાયસન્સદાર હોવાનું કે લાગુ પડતા મજુર કાયદાની જોગવાઈ મુજબ તેમના ધ્વારા રોકવામાં આવેલ કામદારોને પગાર તથા અન્ય તમામ લાભો નિયમિતપણે આપતા હોવા બાબતે તેમજ મોટાભાગના કોન્ટ્રાકટરોનો તેમનો પોતાનો પ્રોવિડન્ડ ફંડ કોડ નંબર છે, જેમાં કામદારોનો પી.એફ. જે તે કોન્ટ્રાકટર ધ્વારા પી.એફ. ઓફીસમાં જમા કરાવવામાં આવતો હોવા બાબતે તેમજ કોન્ટ્રાકટરો તેમની અનુકુળતા મુજબ કામદારો લાવી કામની સોંપણી કરતા હોવા બાબતે કે મજુર કાયદાઓ હેઠળ રાખવા પડતા તમામ રેકર્ડની જાળવણી જે તે કોન્ટ્રાકટરના સુપરવાઈઝર તેમજ કલાર્ક સંભાળતા હોવા બાબતે કે આવા કામદારો ઉપર સંસ્થાનો કોઈપણ જાતનો અંકુશ અને સંચાલન ન હોવાનું કે આથી યુનિયનની માગણી સંસ્થા સામે કરવામાં આવેલ છે તે રદ થવાને પાત્ર હોવા બાબતે વિગેરે તકરારો લેખીતમાં જવાબમાં ઉભી કરેલ હોવા બાબતે કે મુખ્યત્વે સંસ્થા ધ્વારા રેફરન્સના સંબંધીત કામદારો કોન્ટ્રાકટરના કામદારો છે તેવી તકરાર ઉપસ્થિત કરેલ

હોવા બાબતે કોઈ તકરાર ન હોવાનું જણાવેલ છે. વધુમાં સંબંધીત કામદારો તે સંસ્થાના સીધા અંકુશ, નિયંત્રણ હેઠળ અને સંસ્થાની કાયમી પ્રકારની ઉત્પાદકીય પ્રક્રિયામાં કાયમી જરૂરીયાત માટે નિયમિત, સતત ચાલતી કામગીરી માટે રોકવામાં આવેલ હોવાનું કે કામદારોએ તેઓની ફરજો બજાવેલ હોવાનું કે સંસ્થા સંબંધીત કામદારો જે કાયમી ઉત્પાદકીય પ્રક્રિયામાં રોકાયેલ હતા તે સંબંધે સંસ્થા પાસે કોન્ટ્રાકટ લેબર એકટ હેઠળનું કાયદેસરનું કોઈ રજીસ્ટ્રેશન ન હોવાનું કે કહેવાતા કોન્ટ્રાકટરો પાસે પણ કોઈ લાયસન્સ કાયદેસરનું ન હોવા કે આવા કોઈ દસ્તાવેજો આજસુધી કંપનીએ રજુ કરેલ ન હોવાનું કે સૌપ્રથમ વખત લેખીત જવાબમાં રજુઆત ઉભી કરેલ હોવાનું કે આમ કંપનીની રજુઆત ખોટી, આધાર પુરાવા વિનાની હોઈ તેને તેઓ કબુલ મંજુર રાખતા ન હોવાનું કે તેથી તે સંબંધેના તમામ દસ્તાવેજો સંસ્થાના કબજામાં હોવાનું કે તે દસ્તાવેજો કે જે હાલના રેફરન્સના ન્યાય નિર્ણય અર્થે, જરૂરી, મહત્વના, સુસંગત અને સંબંધકર્તા હોવાનું કે તે દસ્તાવેજો રજુ થયેથી અસરકારક રીતે વિવાદનો ન્યાય નિર્ણય થઈ શકે તેમ હોવાનું કે સત્ય હકીકતો બહાર આવે તેમ હોવાનું ખરું ન હોવાનું જણાવેલ છે.

વધુમાં એવી રજુઆત કરેલ છે કે,બીજા પક્ષકારની દસ્તાવેજો રજુ કરાવવાની અરજીના પેરા–૧ માં પેરા–૧(એ) થી રેફરન્સના સંબંધીત કામદારો જે કામગીરી કરે છે તે કામગીરી સંબંધે પ્રથમ પક્ષકારે કોન્ટ્રાકટ લેબર એકટ હેઠળ મેળવવામાં આવેલ રજીસ્ટ્રેશન અને કોન્ટ્રાકટરનું લાયસન્સ આ કેસમાં રજુ કરવા પ્રથમ પક્ષકાર સંસ્થા સંમત છે, પરંતુ બીજા પક્ષકારે સદર કોન્ટ્રાકટરોના લાયસન્સ અંગેના તમામ અધિકૃત દસ્તાવેજોની માંગણી કરેલ છે, પરંતુ આ અંગે કોઈ વિગત તેમની અરજીમાં જણાવવામાં આવેલ ન હોઈ આવા દસ્તાવેજો રજુ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પેરા–૧(બી) થી પેરા–૧(જે) માં બીજા પક્ષકારે ૨૦૦૭ થી ૨૦૧૪ સુધીના કરવામાં આવેલ કરારોની અધિકૃત નકલ, તેમના હાજરીપત્રક, પગારપત્રક, બોનસ રજીસ્ટર, ઓવરટાઈમ રજીસ્ટાર, રજાઓનું રજીસ્ટર, ઓળખ રજીસ્ટર, કોન્ટ્રાકટરે આપેલ બીલો તેમજ તેમને પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા ચુકવણી કરવામાં આવેલ તેને સંબંધીત દસ્તાવેજો, પ્રોવિડન્ટ ફંડના ચલણો તથા

દસ્તાવેજો, ઈન્કમટેક્ષ રીટર્ન, વાર્ષિક સરવૈયા, કોન્ટ્રાકટ લેબર એકટ નીચે કરાવેલ રજીસ્ટ્રેશન બાદ સુધારા–વધારા, તેને આનુસાંગીક દસ્તાવેજો, કોન્ટ્રાકટ આપવા અંગે આપવામાં આવેલ જાહેરાત, ટેન્ડરો તથા કોન્ટ્રાકટરોના અન્ય કઈ કઈ કંપનીમાં કોન્ટ્રાકટ ચાલે છે તેની માહીતી તથા તેને આનુસાંગીક દસ્તાવેજો, ફેકટરી એકટ હેઠળ રજુ કરવામાં એન્યુઅલ રીટર્ન તથા વર્ષ ૨૦૦૭ થી ૨૦૨૧ ના ગાળામાં બીજા પક્ષકારે આક્ષેપ કર્યા મુજબ કંપનીમાં સીધા, કાચા રજીસ્ટર તથા કહેવાતા કોન્ટ્રાકટ સીસ્ટમના ભાગરૂપ કામે રોકવામાં આવેલ કામદારોની યાદી જેવા બીનજરૂરી દસ્તાવેજોની માંગણી બીજા પક્ષકારે હાલના કેસમાં આશરે ૭ વર્ષના લાંબા સમયના ગાળા બાદ રજુ કરેલ હોઈ તેમજ આ અંગે કોઈ વિલંબ માન્ય કરવા અંગેનાં સચોટ કારણવાળી અરજી આ અરજી સાથે સામેલ નથી. આથી બીજા પક્ષકારની સદર અરજી શરુઆતથી જ કાયદેસર ચાલી શકે તેમ ન હોઈ રદ થવાને પાત્ર હોવાનું જણાવેલ છે.

વધુમાં એવી રજુઆત કરેલ છે કે, હાલના કેસમાં બીજા પક્ષકાર યુનિયને માંગણાનું નિવેદન ઘણા લાંબા સમય બાદ રજુ કરેલ તથા પ્રથમ પક્ષકાર સંસ્થાએ તેનો લેખીત જવાબ ઘણા વર્ષો પહેલા આપેલ છે, પરંતુ બીજા પક્ષકાર યુનિયને તેમનો કેસ ચલાવવા કોઈ તૈયારી બતાવેલ નથી અને આ કેસને વિલંબમાં નાખવાના આશયથી હાલની દસ્તાવેજો રજુ કરાવવાની અરજી કરવામાં આવેલ હોઈ, બીજા પક્ષકાર યુનિયનની અરજી કાયદેસર ચાલી શકે તેમ નથી તેમજ માંગવામાં આવેલ દસ્તાવેજો આ કેસને અનુરૂપ તેમજ સુસંગત ન હોઈ બીજા પક્ષકાર યુનિયનની દસ્તાવેજો રજુ કરાવવાની અરજી કાઢી નાખવા અરજ કરેલ છે.

**૩.** પ્રથમ પક્ષકાર તરફે આંક–૨૪ તથા આંક–૨૬ ના લીસ્ટથી દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે.

**૪.** આ કામના બીજા પક્ષકાર તથા પ્રથમ પક્ષકારના વિધ્વાન વકીલશ્રીઓની દલીલો સાંભળી.

**૫.** બીજા પક્ષકાર યુનિયને આ વિવાદ ઉપસ્થિત કરી પ્રથમ પક્ષકાર ધ્વારા કોન્ટ્રાકટના

માણસો તરીકે પોતાના જ માણસો ઉભા કરી તેઓના કોન્ટ્રાકટરો હોવાનો દેખાવ ઉભો કરી કામદારોને અમુક ચોકકસ સમયે એક રજીસ્ટરમાંથી બીજા રજીસ્ટરમાં તબદીલ કરીને તેઓને કાયમીના પગાર તથા લાભોથી વંચિત રાખવામાં આવી રહેલ છે, અને આવા કામદારો સંદર્ભે કંપનીએ કાગળ ઉપરની બનાવટી વ્યવસ્થા ઉભી કરેલ છે, તેથી તેવા તમામ કામદારોને કંપનીના કાયમી ગણી કાયમીના પગાર તથા અન્ય લાભો ચુકવવાની માંગણી ઉપસ્થિત કરેલ છે.

આમ, બીજા પક્ષકાર યુનિયને પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા કોન્ટ્રાકટથી કામ ઉપર રાખવાની પધ્ધતિ બોગસ, વેગ અને પેપર એરેન્જમેન્ટ છે તેવી તકરાર ઉપસ્થિત કરેલ છે, તે સંજોગોમાં પ્રથમ પક્ષકાર ધ્વારા કોન્ટ્રાકટથી રાખવામાં આવતા કામદારો સંબંધીની વિગતો તેમજ દસ્તાવેજો રજુ કરવામાં આવે છે તે જરૂરી છે અને સદર દસ્તાવેજો રજુ થયે આ વિવાદનો ન્યાય નિર્ણય સરળતાથી અને ઝડપથી થઈ શકે તેમ છે.

ઉપરોકત સંજોગોમાં પ્રથમ પક્ષકાર સંસ્થામાં ૨૦૦૭ થી ૨૦૧૪ સુધીના જે જે કોન્ટ્રાકટરોને કોન્ટ્રાકટ આપેલ હોય તેઓના લાયસન્સ, તેઓ સાથે થયેલ કરારો, સંસ્થાએ તે સંબંધી લીધેલ રજીસ્ટ્રેશન, તેમાં વખતો વખત કરેલ સુધારાઓ, તે જ રીતે વખતો વખત કોન્ટ્રાકટરના લાયસન્સમાં થયેલ સુધારાઓની વિગતો અને દસ્તાવેજો રજુ કરે તેવો હુકમ કરવો જરૂરી જણાય છે.

ઉપરોકત દસ્તાવેજો પૈકી પ્રથમ પક્ષકાર તરફે અમુક વર્ષના દસ્તાવેજો રજુ કરવામાં આવેલ હોઈ, તે સિવાયના વર્ષોના દસ્તાવેજો પ્રથમ પક્ષકાર રજુ કરે તેવો હુકમ કરવો જરૂરી જણાય છે.

બીજા પક્ષકાર તરફે સને ૨૦૦૭ થી ૨૦૧૪ સુધીના કોન્ટ્રાકટર ધ્વારા આપવામાં આવેલ બીલો તથા સંસ્થા ધ્વારા આપવામાં આવેલ તેવી ચુકવણી અંગેના અધિકૃત દસ્તાવેજોની નકલો પ્રથમ પક્ષકાર રજુ કરે તેવો હુકમ કરવાની દાદ માંગેલ છે. તે સંબંધી પ્રથમ પક્ષકાર ધ્વારા આંક–૨૪ ના લીસ્ટથી સને ૨૦૧૨, ૨૦૧૫, ૨૦૧૭, ૨૦૧૮, ૨૦૨૦ તથા ૨૦૨૧ ના કોન્સોલીડેટ એન્યુઅલ રીટર્નની નકલો રજુ કરેલ છે, તેથી તે સિવાયના સને ૨૦૧૩, ૨૦૧૬ તથા ૨૦૧૯ ના

કોન્સોલીડેટ એન્યુઅલ રીટર્ન પ્રથમ પક્ષકાર રજુ કરે તેવો હુકમ કરવો જરૂરી જણાય છે.

આમ, સમગ્ર હકીકતો અને સંજોગો ધ્યાનમાં લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧) બીજા પક્ષકાર યુનિયનની આંક-૧૯ ની દસ્તાવેજો રજુ કરાવવાની અરજી અંશત: ગ્રાહય રાખવામાં આવે છે.

(૨) પ્રથમ પક્ષકારે સને ૨૦૦૭ થી ૨૦૧૪ દરમ્યાન કોન્ટ્રાકટ એકટ અન્વયે લીધેલ રજીસ્ટ્રેશન તમામ સુધારા સહીત, સને ૨૦૦૭ થી ૨૦૧૪ દરમ્યાન કોન્ટ્રાકટરોની સાથે કોન્ટ્રાકટથી કામદારો રાખવા સંબંધી થયેલ કરારોની નકલ, સને ૨૦૦૭ થી ૨૦૧૪ સુધીના કોન્ટ્રાકટરોના લાયસન્સ તમામ સુધારા સહીત તથા સને ૨૦૧૩, ૨૦૧૬ તથા ૨૦૧૯ ના વર્ષના કોન્સોલીડેટ એન્યુઅલ રીટર્ન રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

(૩) બીજા પક્ષકાર યુનિયને તે સિવાય જે દસ્તાવેજો રજુ કરાવવાની માંગણી કરેલ છે તે આ વિવાદના ન્યાય નિર્ણય અર્થે સુસંગત જણાઈ આવતા ન હોઈ તે રજુ કરાવવાની માંગણી ગ્રાહય રાખવામાં આવતી નથી.

અમદાવાદ.
તા. ૧૫-૧૦-૨૦૨૪

**(રઝીયા સલીમખાન પઠાણ)**
પ્રમુખ અધિકારી
ઔદ્યોગિક ન્યાય પંચ, કોર્ટ નં.૨
અમદાવાદ.
કોડ નં.જીજે૦૦૭૭૧

**જે.બી.કુંજેરા, પી.એસ.**